# ઘોઘાના વાવડીમાં મેઘતાંડવથી ૩૫ પશુઓ તણાયા અને ઘરોમાં કેડસમા પાણી ઘૂસ્યા

## આકાશી આફતમાં અનેક પરિવારોની ઘરવખરી, અનાજ અને વાહનોને ભારે નુકસાન





ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના વાવડી ગામમાં સોમવારે કુદરતનો પ્રકોપ જોવા મળ્યો હતો. અહી માત્ર ૨ કલાકમાં આશરે ૬ ઈંચ જેટલો ખાબકેલો આભતોડ વરસાદ પૂરની આફત લઈને આવ્યો હતો. ગામના ઈતિહાસમાં પ્રથમવાર રસ્તાઓ પર કેડસમા પાણી ફરી વળ્યા હતા. પૂરના ધસમસતા પ્રવાહને કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બન્યું હતું.

આ આકાશી આફતમાં અનેક પરિવારોની ઘરવખરી, અનાજ અને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. સૌથી મોટી દુર્ઘટના પશુધનની સર્જાઈ છે, જેમાં વાડામાં બાંધેલી ૫ ગાયો અને આશરે ૩૦ ઘેટાં-બકરાં પૂરના પાણીમાં તણાઈ ગયા હતા. આ નુકસાનથી પશુપાલકો આર્થિક સંકટમાં મુકાયા છે. ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિક વહીવટી અધિકારીઓ અને પશુચિકિત્સકોની ટીમે સ્થળ પર પહોંચી જરૂરી બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

# આકાશી આફતમાં ઘોઘાના ઓદરકા ગામનો ૪૦ વર્ષ જૂનો પુલ ધોવાઈ ગયો



## ૧૨૦૦ વીઘા ખેતીવાડીને અસર, સંપર્ક તૂટ્યોઃ વૈકલ્પિક માર્ગ બનાવવા ઉગ્ર માંગ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના ઘોઘા પંથકમાં સોમવારે કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. અહીં ગણતરીના કલાકોમાં જ આશરે ૬ ઈંચ જેટલો ધોધમાર વરસાદ તૂટી પડતાં સમગ્ર પંથકમાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે અને ભારે નુકસાન થવા પામ્યું છે. આ અતિવૃષ્ટિના કારણે ઘોઘા તાલુકાના ઓદરકા ગામની સીમમાં એક મોટીહાડમારી સર્જાઈ છે, જ્યાં પાણીના પ્રચંડ પ્રવાહમાં ૪૦ વર્ષ જૂનો પુલ પત્તાના મહેલની જેમ ધોવાઈ ગયો છે.

આ પુલ ધરાશાયી થવાના કારણે ઓદરકા ગામની આશરે ૧૨૦૦ વીઘા ખેતીવાડીનો વિસ્તાર સંપૂર્ણપણે અલગ-થલગ પડી ગયો છે. ખેતરોમાં કામ કરી રહેલા ૧૦૦ જેટલા સ્થાનિક ખેડૂતો અને પરપ્રાંતીય મજૂરો પુલ તૂટવાને લીધે ત્યાં જ ફસાઈ ગયા હતા. હાલ ખેતીની મુખ્ય મોસમ ચાલી રહી હોવાથી આ આકસ્મિક કટોકટીને કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

કટોકટીની આ સ્થિતિને પગલે ગ્રામજનોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખેતીના પાકને બચાવવા માટે ગ્રામજનોએ જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે વૈકલ્પિક માર્ગ અને નવા નાળાનું નિર્માણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠાવી છે.

# ગઢુલા ગામે તળાવનો પાળો તૂટતાં પાણી મકાનોમાં ઘૂસ્યા



તસવીર : મથુર ચૌહાણ

## ઉચડી ગામ વર્ષો જુનુ તળાવ તૂટયુ, આમળા-ગઢુલા રોડ પર નાળુ ધોવાયુ, ગોપનાથ પંથકમાંધોધમાર વરસાદથી ભારે નુકસાન

તળાજા,તા.૮

ભાવનગર જિલ્લાના તળાજા પંથકના ગોપનાથ ,પીથલપુર, ઝાંઝમેર,રેલીયા,ગઢુલા, ઉચડી, ખંઢેરા સહિત પંથકમાં પંથકમાં બે દિવસથી પડેલા સાંબેલાધાર વરસાદના કારણે પાણી લોકોના મકાનોમાં અને નિચાણવાળા વિસ્તારોમાં ભરાઈ ગયા હતા. મંગળવારે તળાજા ગોપનાથ રોડ પર આવેલ ઉચડી ગામનું વર્ષો જુનુ તળાવ ઓવરફ્લો થયો હતુ આ તળાવમાં બારે માસ પાણી ભરાયેલા રહે છે દુષ્કાળમાં પણ પાણીનહોતું સુકાયુ જે તળાવ ઓવરફ્લો થતાં લોકો નિહાળવા ઉમટી પડ્યા હતાપરંતુ સવારે તળાવનો પાળો તૂટી જતા તેના પાણી તળાજા ગોપનાથ રોડ ઉપર ફરીવળ્યાં હતા.

તળાવના પાણી રોડ પર વહેતા થતાં લોક માં દોડધામ મચી હતી ઘટનાની જાણ થતાં જ ગામ પંચાયતના સભ્યોની ટીમ અને ગામના આગેવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને જેસીબી કામે લાગ્યા હતા તળાવનો? તુટેલ પાળો બાંધવા ભારે જહેમત ઉઠાવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી પાળો બંધાઈ જતા જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને રાહદારીઓ અને ગામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો તેમજ ગઢુલા ગામે તળાવનો પાળો તૂટ્તા અનેક મકાનોમાં પાણી ઘૂસ્યા હતા મકાનોમાં અને શેરીઓમા પાણી ઘુસી જતા લોકોએ સરપંચ તલાટી મંત્રી સહિતને રજુઆત કરી હતી તાત્કાલિક સરપંચ તાલુકા પંચાયત સદસ્યો સહિત ટીમ દ્વારા જેસીબી કામે લગાડી પાણીનો નિકાલ કરવા પ્રયાસ કર્યો હતો અને તુટેલ પાળાની મરામત કરવા પ્રયત્ન કરેલ તેમજ ગઢુલા આમળા રોડ પર નાળુ તૂટી જતાં લોકોને હાલાકી ભોગવવી પડી હતી ગોપનાથ પંથકમાં ધોધમાર વરસાદથી ભારે નુકસાની થયાનું જાણવા મળ્યું છે.

# શહેરમાં રથયાત્રા પૂર્વે ભૂતના લીમડાનો શખ્સ દેશી પિસ્તલ સાથે ઝડપાયો

## રથયાત્રાને પગલે પેટ્રોલિંગમાં રહેલી એસઓજીના હાથે તૌફીક નામનો શખ્સ દબોચાયો




ભાવનગર,તા.૮

ભાવનગરમાં આગામી દિવસોમાં યોજાનાર રથયાત્રા અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ભાવનગર રેન્જના આઈ.જી.પી. રાજેન્દ્ર વી. અસારી અને પોલીસ અધીક્ષક નિતેશ પાંડેની સૂચનાથી ગેરકાયદેસર હથિયારો રાખતા ઈસમો વિરુદ્ધ એસ.ઓ.જી. એ ખાસ ઝુંબેશ હાથ ધરી છે.

દરમિયાન એસ.ઓ.જી. પોલીસની ટીમન સંવેદનશીલ વિસ્તારમાં પેટ્રોલીગ અને રેકી કરી રહી હતી, તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ સોહિલભાઈ ચોકિયાને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે માણેકવાડી ચોક, આંગણવાડી પાસે દરોડો પાડીને એક ઈસમને ગેરકાયદેસર હથિયાર સાથે રંગેહાથ ઝડપી લીધો હતો. પોલીસે પકડાયેલા આરોપી તોફીકભાઈ ઉર્ફે મુન્નો રફીકભાઈ શેખ (ઉંમર વર્ષ ૩૮, રહે. ભુતના લીમડા પાસે, મહમદી બાગની બાજુમાં, ભાવનગર) પાસેથી ૫,૦૦૦/- ની કિંમતની ૦૧ નંગ દેશી બનાવટની પિસ્તલ-મેગેઝીન (બંદૂક) જપ્ત કરી છે. આરોપી વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)(૧-બી)એ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# રથયાત્રા નિર્વિઘ્ને પાર પાડવા તંત્ર અને આયોજકોની મસલત

## રથયાત્રા સંદર્ભે એસપી પાંડેયની અધ્યક્ષતામાં તંત્ર અને આયોજકોની બેઠક






### રથયાત્રાના રૂટ પર અવરોધરૂપ વૃક્ષની ડાળીઓ, કેબલ હટાવવા તેમજ સફાઈ અને પાણીની વ્યવસ્થા અને સતત વીજ પુરવઠો જાળવી રાખવા સહિતના મુદ્દે ચર્ચા

ભાવનગર,તા.૮

ભાવનગરમાં સ્વ. ભીખુભાઈ ભટ્ટ પ્રેરિત ભગવાન જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ ટ્રસ્ટ ભાવનગર આયોજિત ગુજરાતની બીજા નંબરની મોટી રથયાત્રા ભાવનગરમાં નિકળે છે ત્યારે તેની તૈયારીઓને આખરી ઓપ આપવાં માટે પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કલેક્ટર કચેરી આયોજન હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૦ વર્ષથી પરંપરાગત રીતે જગન્નાથજી રથયાત્રા ભાવનગરમાં યોજાય છે અને આ વર્ષે ૪૧ મી રથયાત્રાનું આયોજન તા. ૧૬/૭/૨૬ ના રોજ થનાર હોય જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ તથા રથયાત્રા સમિતિના સભ્યો સાથે બેઠક યોજાઈ હતી. આ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે પોલીસ અધિક્ષકએ વિવિધ વિભાગોના અધિકારીઓને લેવાનાં પગલાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. પોલીસ અધિક્ષકશ્રીએ રથયાત્રાના રૂટમાં આવતાં ઝાડવાઓની ડાળીઓ કટીંગ, સતત લાઈટનો પુરવઠો જળવાય, રસ્તાની સફાઈ થઇ જાય, રસ્તામાં અડચણરૂણ વાયરો દૂર કરવામાં આવે, પાણીની સગવડ સચવાય વગેરે રથયાત્રા સંલગ્ન કામગીરી વિશે તંત્રનું માર્ગદર્શન કર્યું હતું.

રથયાત્રા સમિતિના હરૂભાઈ ગોંડલીયાએ રથયાત્રા તેના પરંપરાગત રૂટ પર નિર્વિધ્ને ચાલે તે માટેના વિવિધ સૂચનો કર્યાં હતાં. રથયાત્રા તેના નિર્ધારિત રૂટ પર ભાવેણાવાસીઓ માટે ફરશે તે માર્ગ પર જરૂરી સુવિધાઓ અને સગવડોની માહિતી તેમણે આપી હતી તથા તંત્ર પાસેથી જરૂરી મંજૂરી તથા સહકારની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નાયબ વન સંરક્ષક વાય. એ. દેસાઈ, નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી, પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ તેમજ રથયાત્રા સમિતિના સભ્યો, જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પોલીસ બંદોબસ્ત વચ્ચે કળસાર ગામે હાથ ધરાયું ડીમોલેશન





તસવીર : મથુર ચૌહાણ

મહુવા -કોટડા રોડ પર આવેલા કળસાર ગામે આજે વરસતા વરસાદમા પણ દબાણ હટાવ ઝુંબેશ શરૂ થયું હતું મહુવા અધિકારીઓની હાજરીમાં ડિમોલેશન હાથ ધરાયું હતું કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ફાયર ફાઈટર અને મહુવા સહિતનો કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો જી આર ડી, હોમગાર્ડ સહિત સ્ટાફ જોડાયા હતા સવારે શરુ થયેલ ડિમોલેશન કામગીરી બપોર બાદ શરુ રહી હતી.

# 'યુવા આપદામિત્ર' યોજના હેઠળ સઘન તાલીમ શિબિર NSSના 58 વિદ્યાર્થીઓ આપત્તિ વ્યવસ્થાપન માટે સજ્જ

## કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે 7 દિવસીય નિવાસી તાલીમ; એન.ડી.આર.એફ. અને ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા અપાશે લાઈવ ડેમો





ભાવનગર,તા.૮

ભારત સરકારની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંયુક્ત રીતે અમલી બનેલ 'યુવા આપદામિત્ર' યોજના હેઠળ એક મહત્વપૂર્ણ નિવાસી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પીપા (SPIPA) પ્રાદેશિક તાલીમ કેન્દ્રના સંકલન સાથે ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા આયોજિત આ ૭ દિવસીય તાલીમ ૧ જુલાઈથી શરૂ થઈ છે જે ૭ જુલાઈ ૨૦૨૬ સુધી ચાલશે. કાળિયાબીડ સ્થિત નટરાજ, પી.એન.આર. સોસાયટી ખાતે યોજાયેલી આ શિબિરમાં ભાવનગર જિલ્લાના ૫૮ જેટલા એન.એસ.એસ. (NSS) ના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.

આ નિવાસી તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે સ્થાનિક સ્તરે ત્વરિત બચાવ કામગીરી કરી શકે તેવા સક્ષમ સ્વયંસેવકોનું માળખું ઊભું કરવાનો છે. શિબિર દરમિયાન એન.ડી.આર.એફ. (NDRF), મહાનગરપાલિકાના ફાયર વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સર્વિસીઝ અને રેડક્રોસના તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને સઘન પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

તાલીમાર્થીઓને વર્ગખંડ ઉપરાંત મેદાન પર (ફિલ્ડ તાલીમ) જઈને આગથી સુરક્ષા (ફાયર સેફ્ટી), પૂર કે ધરતીકંપ જેવી આફતોમાં શોધ અને બચાવ કાર્ય, કટોકટીના સમયે પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ) તેમજ ઘાયલ વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢવાની વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓનું જીવંત પ્રદર્શન કરી શીખવવામાં આવી રહ્યું છે. આ ૭ દિવસીય તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ યુવા આપદામિત્રોને આગામી સમયમાં પ્રોત્સાહિત કરવા માટે સત્તાવાર ઓળખપત્ર, પ્રમાણપત્ર, વિશેષ વીમા કવચ અને કટોકટીના સમયે ઉપયોગી નીવડે તેવી બચાવ સાધનોની કીટ (રેસ્ક્યુ કીટ) એનાયત કરવામાં આવશે.

# ફેમીલી કોર્ટના કેસમાં સજા પામેલ ફરાર આરોપી અમદાવાદથી ઝબ્બે

ભાવનગર,તા.૮

ભાવનગર ફેમીલી કોર્ટના ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૭/૨૦૨૫ ના કેસમાં સજા પામેલ આરોપી ભાવીનભાઇ શામજીભાઇ બાંભણીયા (રહે. તિલકનગર, ભાવનગર) નાસતો ફરતો હતો. ઘોઘારોડ પોલીસની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે લોકેશન ટ્રેક કરીને આરોપીને અમદાવાદ ખાતેથી હસ્તગત કર્યો હતો. ત્યારબાદ તેને ભાવનગર લાવી મ્હે. પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટ સમક્ષ રજૂ કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# પ્રતિબંધિત સિરપની ૩૦ બોટલ સાથે ઈસમ ઝબ્બે

ભાવનગર,તા.૮

નિલમબાગ પોલીસે ચોક્કસ બાતમીના આધારે નવાપરા, તબેલા કેમ્પ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો.પોલીસે સ્થળ પરથી હનીફભાઈ સતારભાઈ શાહ (ઉંમર વર્ષ ૩૨, ધંધો: રીક્ષા ડ્રાઈવિંગ) નામના આરોપીને ઝડપી લીધો છે. તેના કબજામાંથી ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાતી નશાકારક કફ સિરપ (Codeine Phosphate) ની કુલ ૩૦ બોટલકિંમત ૪,૭૫૨ મળી આવી હતી. પોલીસે કફ સિરપ અને અન્ય સાહિત્ય મળી કુલ ૯,૭૫૨/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ NDPS એક્ટની કલમ ૮(સી), ૨૧(સી), ૨૯ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# શેત્રુંજી નદીમાં આવ્યું ઘોડાપૂરઃ વહીવટી તંત્ર એલર્ટ, નદી બે કાંઠે વહેતાં ભયજનક દ્રશ્યો

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને શેત્રુંજી ડેમના દરવાજા ખોલવામાં આવતા તળાજામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. નદીમાં પાણીની ભારે આવક થતાં તે બે કાંઠે વહેતી જોવા મળી હતી અને પ્રવાહ અત્યંત તીવ્ર હોવાના કારણે કાંઠા વિસ્તારમાં ભયજનક દ્રશ્યો સર્જાયા હતા. પૂરની આ ગંભીર પરિસ્થિતિને પગલે તળાજાના ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર તેમજ પોલીસ વડા સહિતના ઉચ્ચ વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર તૈનાત થઈ ગયા હતા. તંત્ર દ્વારા નદી કિનારાના વિસ્તારો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને લોકોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.



# ગંદકી ફેલાવનાર 240 લોકો પાસેથી દંડ વસૂલતું ભાવનગર એસટી તંત્ર

## બસો અને બસ સ્ટેશનમાં ગંદકી કરનાર સામે કરાઈ કડક કાર્યવાહી

ભાવનગર,તા.૮

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ના ભાવનગર વિભાગ દ્વારા બસો અને બસ સ્ટેશન પરિસરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. 'સ્વચ્છતા હી સેવા' અને 'સ્વચ્છતા હી પરમો ધર્મ'ના સંદેશને જનઆંદોલનનું સ્વરૂપ આપવા તેમજ મુસાફરોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવાના હેતુથી વિભાગ દ્વારા નિયમિત દેખરેખ રાખી નિયમોના ભંગ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત બસો તથા બસ સ્ટેશન પરિસરમાં થૂંકવું, કચરો ફેંકવો, ગંદકી ફેલાવવી તેમજ અન્ય મુસાફરોને અસુવિધા થાય તેવી પ્રવૃત્તિઓ બદલ સરકારના તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કુલ ૨૪૦ કેસ નોંધવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન રૂ. ૩,૫૩૦નો દંડ વસૂલવામાં આવ્યો છે.

ડેપોવાર થયેલી કાર્યવાહી મુજબ ભાવનગર ડેપોમાં રૂ. ૪૯૦, તળાજા ડેપોમાં રૂ. ૬૦૦, મહુવા ડેપોમાં રૂ. ૬૦૦, પાલિતાણા ડેપોમાં રૂ. ૩૨૦, ગારીયાધાર ડેપોમાં રૂ. ૩૦૦, બરવાળા ડેપોમાં રૂ. ૩૦૦, બોટાદ ડેપોમાં રૂ. ૪૮૦ તથા ગઢડા ડેપોમાં રૂ. ૪૪૦નો દંડ વસૂલવામાં આવ્યો છે.

ભાવનગર એસ.ટી. વિભાગે મુસાફરોને બસો અને બસ સ્ટેશન પરિસરની સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનવા, જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવવા તથા સ્વચ્છ અને સુવ્યવસ્થિત મુસાફરીના વાતાવરણના નિર્માણમાં સહકાર આપવા અપીલ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ૬૦ વર્ષથી વધુ વયના વડીલો માટે હેલ્ધી એજિંગ પ્રોગ્રામ

ભાવનગર,તા.૮

ભાવનગરમાં ૬૦ વર્ષથી વધુ વયના વડીલો માટે વિશેષ હેલ્ધી એજિંગ પ્રોગ્રામ દ્વારા કસરતો, માનસિક પ્રવૃત્તિઓ અને આરોગ્ય અંગે વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે, જેના દ્વારા વડીલોને સક્રિય અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરણા મળે છે. આ સેશન દર ગુરુવારે સાંજે ૫ વાગ્યે પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગર ખાતે યોજાય છે. રસ ધરાવતા વડીલોને આ કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

### ઘોઘા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨મીએ યોજાશે

ભાવનગર,તા.૮

ઘોઘા તાલુકા-ગ્રામ કક્ષાનો જુલાઇ - ૨૦૨૬નો ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨નાં રોજ સવારનાં ૧૧ કલાકે મામલતદાર કચેરી, ઘોઘા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ), જિલ્લા પંચાયત કચેરી, ભાવનગરનાં અધ્યક્ષ પદે યોજાનાર છે.આ ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં તાલુકા/ગ્રામ કક્ષાના પ્રશ્નો માટેની અરજીઓ બે નકલોમાં તા.૧૬સુધીમાં રજાનાં દિવસો સિવાય ગ્રામ્ય કક્ષાનાં પ્રશ્નો સંબંધિત તલાટી કમ મંત્રીશ્રીને તથા તાલુકા કક્ષાનાં પ્રશ્નો મામલતદાર કચેરી, ઘોઘા ખાતે સ્વીકારવામાં આવશે.

### લોકશાહી પ્રણાલી અને તેના મૂલ્યો અંગે પ્રોજેક્ટ



લોકશાહી પ્રણાલી શુ છે? તેના મૂલ્યો અને મહત્વ સમજવા CIIઅને યંગ ઈન્ડિયન્સ ભાવનગર દ્વારા કોલેજના સ્ટુડન્ટ્સ માટેનો રસપ્રદ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. "યંગ ઈન્ડિયન્સ પારલામેનટ ૨૦૨૬.જેના ઉદ્ઘાટન સેશન્સ અહીના રાજ કુટુંબના કુ.બ્રિજેશ્વરી દેવીએ પ્રોત્સાહક રુપ હાજરી આપી હતી જયારે સમાપન પ્રસંગે કૃષિ મંત્રી ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ. તથાCIIના વેસ્ટ ઝોનના પૂર્વ ચેરમેન પ્રશાંતભાઇ મામતોરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના આયોજનમા ભાગ લેનાર યુવા પરતિભાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### સીટીઝન કાઉન્સિલની મિટિંગ મળી



ભાાનગર સીટીઝન કાઉન્સિલની મંથલી મીટીગ હેલ્થ વેલ્થ એન્ડ હેપીનેસના સબ્જેક્ટને લઈ એમપીએલ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ આ મીટીગનું આયોજન જે જે પટેલ દ્વારા થયું કંપનીના એમડી ગુણવંતભાઈ પરમાર સીઈઓ મનોજભાઈ ભટ્ટ તેઓએ પોતાનું વક્તવ્ય આપ્યું અને તેમની કંપનીની મેમ્બરશીપ વિશેની વાત તેઓની ટીમ દ્વારા સભ્યો આગળ મૂકવામાં આવી. ભુપતભાઈ વ્યાસ, શૈલેષભાઈ ભટ્ટ તેમજ બકુલભાઈ ચતુર્વેદીના કામોની સરાહના કરવામાં આવી, અપૂર્વભાઈએ સરદાર સ્મૃતિની પ્રગતિની વાત કરી હતી.

### કોટિયા કુંઢડા ગૌ ધામ ખાતે દિવંગત સંત મોહનગીરીબાપુની ૧૭મી પુણ્યતિથિ ઉજવાઈ

ભાવનગર,તા.૮

તળાજા નજીક કોટિયા કુંઢડાની રમણીય ગિરિમાળાઓ વચ્ચે આવેલા પ્રાકૃતિક તીર્થસ્થાન 'ગૌ ધામ' ખાતે બ્રહ્મલીન સંત મોહનગીરી બાપુના સમાધિ સ્થાને ૧૭મો પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.આ નિર્વાણ તિથિ મહોત્સવ અંતર્ગત ગૌ ધામ ખાતે ભવ્ય આરતી, ગુરુ પૂજન, મહાપ્રસાદ અને સંતવાણી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢના થાણાપતિ પૂજ્ય લહેરગીરી બાપુના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં સંતો-મહંતો અને સેવક સમુદાયે ઉપસ્થિત રહી દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો.

# મહારાષ્ટ્રમાં વરસાદી દુર્ઘટનાના મૃતકોને મોરારિબાપુની રૂ.૧.૯૫ લાખની સહાય

ભાવનગર,તા.૮

દેશભરમાં વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે મહારાષ્ટ્રમાં પણ મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે. મુંબઈ નજીક માનખૂરદની ઝૂંપડપટ્ટીમાં મકાન ધરાશાયી થતાં ૬ લોકોનાં અને અન્ય વિસ્તારોમાં ૭ લોકોનાં મળીને કુલ ૧૩ લોકોના કરુણ મોત નીપજ્યા છે.

આ આકાશી આફતમાં જીવ ગુમાવનારા તમામ ૧૩ મૃતકોને પૂજ્ય મોરારિબાપુએ ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે. બાપુએ સંવેદના વ્યક્ત કરી તમામ દિવંગતોના આત્માની શાંતિ માટે હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે. આ સાથે જ પૂજ્ય બાપુ દ્વારા પ્રત્યેક મૃતકના પરિવારજનને ?૧૫,૦૦૦ લેખે કુલ ?૧,૯૫,૦૦૦ ની આર્થિક સહાય રાશિ અર્પણ કરવામાં આવી છે, જે રામકથાના મુંબઈ સ્થિત શ્રોતાઓ દ્વારા પીડિત પરિવારો સુધી પહોંચાડવામાં આવશે.

# થોરડી ગામે પૂરના પ્રવાહમાં તણાયેલા આધેડનો ૧૦ કલાક બાદ મૃતદેહ મળ્યો

## NDRF અને ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ દિલીપભાઈ રાઠોડની લાશ બહાર કઢાઈ

ભાવનગર,તા.૮

જિલ્લાના બુધેલ નજીક આવેલા થોરડી ગામે સોમવારની રાત્રે એક હૃદયદ્રાવક ઘટના બની હતી..વાડીએથી બે મોટરસાયકલ પર પરત ફરી રહેલા ત્રણ લોકો સ્થાનિક વોકળાના ભારે પાણીના પ્રવાહમાં તણાયા હતા. આ દુર્ઘટનામાં બે લોકોનો આબાદ બચાવ થયો હતો, જ્યારે દિલીપભાઈ છગનભાઈ રાઠોડ નામના આધેડ વહેણમાં ગરકાવ થઈ ગયા હતા.



ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક મામલતદાર, ફાયર વિભાગ અને NDRFની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી. મંગળવારે વહેલી સવારથી જ NDRFની ટીમે બોટ અને ડીપ ડાઈવર્સની મદદથી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આશરે ૧૦ કલાકની ભારે જહેમત બાદ આખરે દિલીપભાઈ રાઠોડનો મૃતદેહ મળી આવ્યો હતો. આ દુઃખદ સમાચાર મળતા જ મૃતકના પરિવારજનોમાં ભારે આક્રંદ અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સિદસરરોડ પરથી વિદેશી દારૂની બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૮

ભાવનગર શહેરના વરતેજ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પ્રોહીબિશન ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન સિદસર રોડ પર આવેલી એન્જિનિયરિંગ કોલેજ સામેથી એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. તપાસ દરમિયાન આકાશ રેસીડેન્સી, ચિત્રા ખાતે રહેતા લલિતભાઈ અતુલભાઈ ઝાલા (ઉ.વ. ૩૦) નામના શખ્સ પાસેથી એક કાળા કલરની થેલીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની સીલપેક બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૪૦ની કિંમતની આ બોટલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ત્રાપજમાં વિદેશી દારૂનું વેચાણ કરતા બે શખ્સો ઝડપાયાઃ દસ બોટલ જપ્ત

## ૩ હજારનો મુદ્દામાલ જપ્ત, સપ્લાયર સહીત ત્રણ શખ્સો સામે અલંગ પોલીસ મથકમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના અલંગ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પ્રોહીબિશન અંગે હાથ ધરાયેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ત્રાપજ ગામના જોરાવરનગર વાડી વિસ્તારમાં બે શખ્સો વિદેશી દારૂ રાખી તેનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી વાડી વિસ્તારમાં જવાની નેળમાંથી બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ઝડપેલા શખ્સો પાસે રહેલા કાળા રંગના થેલાની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટની 'રોયલ સ્ટેગ' બ્રાન્ડની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની ૧૦ સીલપેક બોટલો મળી આવી હતી. પકડાયેલા આરોપીઓ વિવેક ઉર્ફે વિવલો ઘુઘાભાઈ મકવાણા (ઉ.વ. ૧૯) અને મનહર ઉર્ફે કલ્પેશ ભરતભાઈ વાળા (ઉ.વ. ૨૧, બંને રહે. ત્રાપજ) હોવાનું ખૂલ્યું હતું. પોલીસે રૂ. ૩,૦૦૦ની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ દારૂ સાણોદરના જયેશ જગદીશભાઈ પરમાર પાસેથી લાવ્યાની કબૂલાત થતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વોન્ટેડ સપ્લાયરને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદે સર્જી આફત, ગારિયાધાર જતો સ્ટેટ હાઈવે પાણીમાં ગરકાવ

અમરેલી,

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી છે. લાઠી અને લીલીયા પંથકમાં ગાગડિયો નદી બે કાંઠે વહેતા અનેક માર્ગો પાણીમાં ગરકાવ થયા છે, જેના કારણે અનેક ગામોનો સંપર્ક ખોરવાયો છે. નીચાણવાળા વિસ્તારોમાં હજારો વીઘા ખેતીની જમીન પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે.

અમરેલી જિલ્લામાં મેઘરાજાની અવિરત મેહર બાદ નદીઓમાં નવા નીરની આવક થતાં લાઠી તાલુકાની ગાગડિયો નદીમાં ભારે પૂર આવ્યું છે. પૂરનાં કારણે અમરેલીથી ગારિયાધાર જતો સ્ટેટ હાઈવે પાણીમાં ગરકાવ થતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો છે. લીલીયા તાલુકામાં નાના લીલીયા ચોકડી અને ક્રાંકચ ગામ વચ્ચે રોડ ઉપર ગાગડિયો નદીના પાણી ફરી વળતાં આ માર્ગ પણ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો છે. આ ઉપરાંત ટિબડીથી ભોરીગડા, કૂતાણાથી ભોરીગડા તેમજ કૂતાણાથી સનાલિયા ગામ જવાના માર્ગો પણ પાણી ફરી વળતાં બંધ થઈ ગયા છે.

સનાલિયા ગામ પાસે ગાગડિયો નદીમાં આવેલા ભારે પૂરથી આસપાસના વિસ્તારોમાં પાણી ફેલાઈ જતાં હજારો વીઘા ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ છે. બીજી તરફ ટિબડી ગામ તરફ જવાના તમામ માર્ગો બંધ થતાં ગામ બેટમાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# અમરેલી જિલ્લામાં મેઘતાંડવઃ જળબંબાકાર વચ્ચે ૫૦ લોકોનું રેસ્ક્યુ, એક યુવાનનું મોત

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદ બાદ ગઈકાલથી મેઘાએ આંશિક રાહત આપતા હોય તેમ ગઈકાલ સવાર ૬ થી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં હળવા ઝાપટાથી લઈ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

અમરેલી, લીલીયા, લાઠી સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં સોમવારે રાતથી મંગળવાર સવાર સુધીમાં ભારે વરસાદ વરસી ગયા બાદ ગઈકાલ દીવસ વરસાદે આંશિક રાહત આપી છે. ગઈકાલ દિવસ ભર વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા ઝાપટાથી લઈ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

અમરેલી ફ્લેડ કંટ્રોલ રૂમ ખાતે ગઈકાલ સવાર ૬ થી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં બાબરા ૪, લીલીયા ૭, અમરેલી ૬, બગસરા ૩, ધારી ૩, સાવરકુંડલા ૧૧, ખાંભા ૧૩, જાફરાબાદ ૨૪, અને રાજુલામાં ૨૩ મી. મી. વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં ચાર દિવસથી મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અનરાધાર વરસાદને પગલે લાઠી, બાબરા, લીલીયા અને સાવરકુંડલા પંથકના નદી-નાળા બે કાંઠે વહી રહ્યા છે, જ્યારે અનેક જળાશયો છલકાઈ જતાં ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી છે. મેઘતાંડવથી સર્જાયેલા જળબંબાકાર વચ્ચે ૫૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ચાલુ વરસાદમાં મકાન પડવાથી એક યુવાનનું મોત પણ થવાથી શોક છવાયો છે.

લાઠી, લીલીયા, સાવરકુંડલા અને બાબરા પંથકમાં નદી-નાળા બે કાંઠે વહ્યા, અનેક જળાશયો છલોછલ, માર્ગો ધોવાયા, ગામડાં વિખુટાં પડયા.લાઠીમાં મેઘરાજાના ભારે તાંડવને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુંછે. ચાંવડ ગામે કાચું મકાન ધરાશાયી થતાં એક બાળકને ઈજા પહોંચી હતી. આ ઉપરાંત, દેવીપૂજક વાસમાં પાણી ઘૂસી જતાં અંદાજિત ૫૦ લોકો ફસાયા હતા, જેમને લાઠી પીઆઈ, મામલતદાર અને પ્રાંત અધિકારીની ટીમે ભારે જહેમત બાદ સલામત સ્થળે ખસેડયા હતા.

# હાથબ ગામેથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

ભાવનગર,તા.૮

ઘોઘા પોલીસે બાતમીના આધારે હાથબ ગામના નાળી વિસ્તારમાં રહેતા મનીષ ઉર્ફે લાલો ભલાભાઈ ગોહિલના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. તલાશી દરમિયાન મકાનમાંથી વિદેશી દારૂની ૮૦ બોટલો (કિંમત ૨૪,૫૦૦) મળી આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી મનીષની અટકાયત કરી હતી. પૂછપરછમાં આ જથ્થો યોગેશ ઉર્ફે પથુ જેઠવાએ આપ્યો હોવાની કબૂલાત મળતાં પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ અને દંડની સજા

ભાવનગર,તા.૮

ભાગીદારીના ધંધા પેટે ફરિયાદી ઈદ્રીશખાન પઠાણ પાસેથી ૫,૦૦,૦૦૦ મેળવી પેઢી બંધ કરનાર આરોપી અજય વાસુભાઈ નવલાણીએ નાણાં પરત કરવા આપેલો ૨,૩૪,૦૦૦ નો ચેક રિટર્ન થયો હતો. આ કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વાય.બી. પટેલે પુરાવા ગ્રાહ્ય રાખી આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ ૬૦ દિવસમાં ચેકની રકમ ચૂકવવા અને જો ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદનો હુકમ કર્યો છે.


**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૨૯૯/૨૦૨૫**
**મરણ.તારીખ.૧૨/૦૫/૧૯૬૯**

**શ્રી ગોહિલ સુખદેવસિંહ બચુભા,**
**રહે. બી/૪૭૮૭, પંચરત્ન સોસાયટી, શક્તિ માતાજી મંદિર સામે, કાળીયાબીડ, ભાવનગર. મો-**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ સુખદેવસિંહ બચુભાએ તેમના ભાઇ રઘુવિરસિંહ બચુભાઇ ગોહિલ નું મૃત્યુ તા.૧૨/૦૫/૧૯૬૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૦૦/૨૦૨૫**
**મરણ.તારીખ.૨૭/૧૧/૧૯૬૮**

**શ્રી ગોહિલ સુખદેવસિંહ બચુભા,**
**રહે. બી/૪૭૮૭, પંચરત્ન સોસાયટી, શક્તિ માતાજી મંદિર સામે, કાળીયાબીડ, ભાવનગર. મો-**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ સુખદેવસિંહ બચુભાએ તેમના પિતા બચુભા દોલુભા ગોહિલ નું મૃત્યુ તા.૨૭/૧૧/૧૯૬૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૩/૨૦૨૬-૨૭**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯–૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| આંગણવાડી કેંદ્ર | ૩ કામ | ૧૦૪.૮૬ લાખ |

આ કામના ટેન્ડરોhttps://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૧૬/૦૭/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૧૭/૦૭/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૩૬૭-૨૬






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ **8** તા. ૦૮-૦૭-૨૦૨૬, બુધવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## તીર્થધામ ગોપનાથ જવાનો માર્ગ અસરગ્રસ્ત

### ગઢુલા-આમળા વચ્ચેનો નવો જ બનાવેલો રોડ અને નાળું વરસાદી પુરમાં ધોવાયા



ભારે વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓને ભારે નુકસાન થયું છે. તળાજા તાલુકામાં ગઢુલા અને આમળા ગામ વચ્ચે તાજેતરમાં જ નવો બનાવવામાં આવેલો રોડ અને તેના પરનું નાળું પાણીના તેજપ્રવાહ સામે ટકી શક્યા ન હતા. ભારે વરસાદના પાણીના દબાણને કારણે આ માર્ગ વચ્ચેથી ધોવાઈ જઈને બે ભાગમાં વહેંચાઈ ગયો છે. રોડના ધોવાણના કારણે ખંઢેરાથી ગોપનાથ જવાનો મુખ્ય સંપર્ક માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જેનાથી વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, આજે બપોરે તળાજા મામલતદારે ટેલિફોનિક વાતચીતમાં આ રસ્તો હાલ કામચલાઉ રીપેર કરી વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો છે.

## હે રામ... મહુવાના બાંભણિયામાં દીપડાએ ૧૦ વર્ષના માસૂમ બાળકને ફાડી ખાધો

**પરિવારનો એકનો એક લાડકવાયો દીકરો દીપડાએ છીનવી લઈ વર્તાવ્યો કાળો કહેર, વન વિભાગ સામે સ્થાનિકોનો ભારે રોષ**



ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લામાં વન્ય પ્રાણીઓના માનવ વસ્તી પર વધતા હુમલાઓએ ભારે ચિંતા જન્માવી છે. પાલિતાણાના ગરાજીયા ગામે સિંહણના હુમલાની શાહી હજુ સૂકાઈ નથી, ત્યાં જ મહુવા તાલુકાના બાંભણિયા ગામે દીપડાએ એક માસૂમ બાળકનો શિકાર કરતાં ચકચાર મચી ગઈ છે.

બાંભણિયા ગામે વાડી વિસ્તારમાં મજૂરી કરતા પ્રકાશભાઈ ગોંડલીયાનો ૧૦ વર્ષનો પુત્ર નિત્ય, જે ધોરણ-૫ માં અભ્યાસ કરતો હતો, તે શાળાએથી પરત આવી સાઈકલ લઈને વાડીએ જઈ રહ્યો હતો. આ દરમિયાન પાછળથી ધસી આવેલા દીપડાએ તેના પર હુમલો કરી તેને વાડીમાં ખેંચી ગયો હતો. દીપડાએ બાળકના ગળા, હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફાડી ખાતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મોડે સુધી બાળક ઘરે ન પહોંચતા પરિવારે શોધખોળ આદરી હતી, જેમાં માસૂમ નિત્યનો લોહીલુહાણ મૃતદેહ મળી આવ્યો હતો. પ્રકાશભાઈએ પોતાનો એકનો એક દીકરો ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો, જ્યાં સ્થાનિક લોકોએ તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

**પાલિતાણાના પાંડેરિયામાં સિંહનો આતંકઃ વાડામાં ઘૂસી ૩ પશુઓનું મારણ કરતાં ફફડાટ**

પાલિતાણાના પાંડેરિયા ગામે સિંહનો આતંક યથાવત છે.તાજેતરમાં પશુપાલક પર હુમલા બાદ, સાવજે એક વાડામાં ઘૂસી ૪ પશુઓ પર હુમલો કરી ૩ ના મારણ કર્યા હતા . ઘટના અંગે જાણ કરવા છતાં વન વિભાગ સમયસર સ્થળ પર પહોંચ્યું ન હોવાનો પશુપાલકોએ આક્ષેપ કર્યો છે. વન્ય જીવોના સતત હુમલાથી ફફડાટ ફેલાતા, સિંહોને અન્ય જંગલમાં ખસેડવા સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે.

## ભાવનગર-બાંદ્રા રેલ વ્યવહાર ઠપ્પ

### ભારે વરસાદને પગલે બંને તરફની ટ્રેનો રદ થતાં યાત્રિકો રઝળી પડયા

ભાવનગર,તા.૮

ભારે વરસાદને કારણે ભાવનગર-બાંદ્રા વચ્ચેનો રેલ વ્યવહાર વધુ એક વખત ગંભીર રીતે પ્રભાવિત થયો છે. મંગળવારે ભાવનગરથી સાંજના નિર્ધારિત સમયના બદલે મોડી રાત્રે ૧૧:૫૦ કલાકે ઉપડેલી ટ્રેન નંબર ૧૨૯૭૨ હજુ સુધી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકી નથી અને વરસાદના કારણે વાપી સ્ટેશને અટવાઈ પડી છે. આ સ્થિતિને પગલે ટ્રેન વ્યવહાર ખોરવાયો છે.

રેલવે તંત્ર દ્વારા લેવાયેલા તાત્કાલિક નિર્ણય મુજબ, ગત રાત્રે બાંદ્રાથી ભાવનગર આવનારી ટ્રેન રદ કરવામાં આવી હતી, જેના કારણે આજે ભાવનગર સ્ટેશન પર ટ્રેન આવી શકી નથી. વધુમાં, આજ સાંજની ભાવનગરથી બાંદ્રા જતી ટ્રેન પણ રદ કરી દેવામાં આવી છે. સતત ટ્રેનો રદ થવાને કારણે મુસાફરો ભારે હાડમારી વેઠી રહ્યા છે. લોકોના અગાઉના અનેક આયોજનો પર પાણી ફરી વળતા મુસાફરોમાં ભારે રોષ અને કચવાટની લાગણી જોવા મળી રહી છે. રેલવેના ટ્રેન સંચાલનમાં આવતા વારંવારના વિક્ષેપથી યાત્રિકો મુશ્કેલીમાં મુકાયા છે.

**ગઈકાલે રાત્રે ભાવનગરથી નીકળેલી બાંદ્રા ટ્રેન વાપી સ્ટેશને ફસાઈ, યાત્રિકો ત્રાહિમામ**

## મોડી રાત્રે દેશી કટ્ટો અને પિસ્ટલ સાથે હત્યાની કોશીષનો ફરાર આરોપી ઝબ્બે

**બંને ગેરકાયદે હથિયારો ગોંડલના શખ્સ પાસેથી લાવ્યો હોવાની કબૂલાત, આર્મ્સ એક્ટ હેઠળ બોરતળાવ પોલીસ મથકમાં ગુનો દાખલ**



ભાવનગર,તા.૮

ભાવનગર શહેરમાં આગામી રથયાત્રાના અનુસંધાને ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા રાત્રી પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવ્યું છે. આ પેટ્રોલિંગ દરમિયાન ભાવનગર-રાજકોટ હાઈવે પર ચિત્રા ખાતે મસ્તરામ મંદિર અને સરકારી અનાજના ગોડાઉન પાસેથી બાતમીના આધારે પોલીસે એક ઈસમને ઝડપી લીધો હતો. પકડાયેલ આરોપીની ઓળખ હરીચંન્દ્રસિંહ ઉર્ફે પીન્ટુભા નિરૂભા ગોહિલ ઉ.વ. ૪૩, રહે. વાંગધ્રા, તા.ઉમરાળા તરીકે થઈ છે. આ શખ્સ ઉમરાળા પોલીસ મથકમાં બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં નાસતો ફરતો હતો.

પોલીસે પંચોની રૂબરૂ આરોપીની અંગ ઝડતી કરતા તેના હાથમાં રહેલી થેલીમાંથી એક દેશી બનાવટનો લોખંડનો કટ્ટો (કિંમત રૂ. ૨,૦૦૦) મળી આવ્યો હતો. ત્યારબાદ વધુ તપાસ કરતા તેના પેન્ટના નેફામાંથી એક સિલ્વર મેટલ કલરની દેશી બનાવટની પિસ્ટલ (કિંમત રૂ.૧૦,૦૦૦) પણ મળી આવી હતી. પોલીસે પરવાના વગરના કુલ રૂ. ૧૨,૦૦૦ની કિંમતના આ બંને ઘાતક હથિયારો કબ્જે કર્યા હતા.આરોપીની પૂછપરછમાં હથિયારો અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીએ કબૂલાત કરી હતી કે આ બંને ગેરકાયદેસર હથિયારો તે ગોંડલના ભોજરાપરા ખાતે રહેતા તેના મિત્ર વહતુભાઈ કાથડભાઈ કાઠી પાસેથી લાવ્યો હતો. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ) અને જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની અટકાયત કરી છે અને હથિયાર આપનાર શખ્સ સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે.

## ભાવનગર જિલ્લામાં સતત ચોથા દિવસે અડધાથી સવા ઈંચ વરસાદ

**ઘોઘા પંથકમાં સવારે જોરદાર ઝાપટા, સિઝનનો સૌથી વધુ વરસાદ મહુવા પંથકમાં**

ભાવનગર,તા.૮

સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતની સાથે ભાવનગર જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી મેઘરાજા મહેરબાન થયા છે જેમાં સોમવારે ભુક્કા બોલાવ્યા બાદ વરસાદ હળવો થયો છે. ગઈકાલે ભાવનગર જિલ્લામાં અડધાથી સવા ઈંચ વરસાદ પડ્યો હતો. ભાવનગરમાં પડેલા વરસાદથી અનેક ગામોમાં પાણી ભરાવા સાથે નુકશાનીના સમાચાર પણ આવી રહ્યા છે. તાલુકા પંથકોમાં નદી, નાળા, ચેકડેમો, તળાવો છલકાવા તેમજ પૂર જેવી પરિસ્થિતિનું પણ નિર્માણ થવા પામ્યું હતું.

ભાવનગર શહેરમાં મંગળવારે દિવસભર હળવા-ભારે ઝાપટાને લઈને કુલ અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે મહુવા પંથકમાં સવા ઈંચ જ્યારે ગારિયાધાર, પાલીતાણા અને જેસર પંથકમાં એકાદ ઈંચ વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત વલભીપુર, ઉમરાળા, સિહોર અને તળાજા પંથકમાં અડધાથી પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મંગળવારે ઘોઘા પંથકમાં મેઘરાજાએ વિરામ લીધો હતો પરંતુ આજે બુધવારે સવારથી ઘોઘા પંથકમાં વરસાદના જોરદાર ઝાપટા પડ્યા છે. જ્યારે જેસર અને ગારિયાધાર પંથકમાં પણ હળવો વરસાદ પડી રહ્યાના અહેવાલો મળી રહ્યા છે. ભાવનગર શહેરમાં સવારથીજ વરસાદી માહોલ છવાયો છે.

ભાવનગર જિલ્લામાં હાલની ચોમાસાની સીઝનમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૩૬૫ મી.મી.વરસાદ સાથે મહુવા તાલુકો મોખરે રહ્યો છે. જ્યારે વલભીપુરમાં ૧૪૮ મી.મી., ઉમરાળામાં ૨૦૬ મિમિ., ભાવનગર શહેરમાં ૨૨૬ મી.મી., ઘોઘામાં ૨૪૫ મી.મી., સિહોર ૧૮૪ મી.મી., ગારિયાધાર ૨૫૫ મી.મી., પાલીતાણા ૧૮૫ મી.મી., તળાજા ૧૦૬ મી.મી. તેમજ જેસર તાલુકામાં અત્યાર સુધીમાં સિઝનનો ૨૩૪ મી.મી. વરસાદ પડ્યો છે.

## રબર ફેક્ટરી સર્કલ નજીક પરાગ એપાર્ટમેન્ટના બંધ ફ્લેટમાં લાગી ભીષણ આગ



તસવીર : ધવલ વાજા

શહેરના રબર ફેક્ટરી સર્કલ નજીક આવેલા પરાગ એપાર્ટમેન્ટમાં ૭૬ નંબરના એક બંધ ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડને સાંજે ૪ વાગ્યે આ અંગેનો કોલ મળતા જ ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ બે ફાયર ફાઈટરની મદદથી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ફ્લેટમાં રહેલો તમામ ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ ફ્લેટ દિવ્યાબેન શાહનો હોવાનું જાણવા મળ્યું છે, જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી.

**બાપા સીતારામ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી દ્વારા આચરવામાં આવેલ કૌભાંડ જેવો જ બનાવ...**

## આનું નામ જ સ્કીમ! : ફરિયાદકાના બે શખ્સો માસિક ૨૦% વળતરની લાલચ આપી ૧ કરોડથી વધુ રકમ ઓળવી ગયા

ભાવનગર,તા.૮

ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના ફરિયાદકા ગામે રહેતા ઈસમો દ્વારા રોકાણકારોને રોકાણ ઉપર માસિક ૨૦ ટકા વળતર આપવાની લોભામણી સ્કીમ સમજાવી, વળતર આપવાનું પાકું વચન અને વિશ્વાસ આપીને ગુન્હાહિત વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હતો. આ અંગેની રજુઆત અનુસંધાને વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૦૪૯૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫), ૩૧૬(૨), ૩(૫), ૬૧(૨) તેમજ ગુજરાત થાપણદારોના હિતોનું રક્ષણ (નાણાંકીય સંસ્થાઓમાં) અધિનિયમ—૨૦૦૩ની કલમ ૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનો ફરિયાદકા ગામના રહેવાસી (૧) સંજયભાઈ મુળજીભાઈ ધામેચા અને (૨) યોગેશ વેલજીભાઈ ધામેચા વિરૂદ્ધ નોંધાયો છે. આ બનાવે ભાવનગરની શ્રી બાપા સીતારામ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી દ્વારા આચરવામાં આવેલ આર્થિક ગબન ફરી તાજું કર્યું છે.

વરતેજના ફરિયાદકના બનાવમાં ગુન્હો દાખલ થતાંની સાથે જ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ ટીમો બનાવી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર



વાઢેરની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી સંજયભાઈ મુળજીભાઈ ધામેચા (ઉંમર વર્ષ ૪૪, ધંધોઃ ડ્રાઈવિંગ, રહે. ફરિયાદકા) ને તેના રહેણાંક મકાનેથી ધરપકડ કરી લીધી હતી. ત્યારબાદ તેના રહેણાંકે સર્ચ અને સીઝરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનાના કામના અગત્યના દસ્તાવેજો અને હિસાબના ચોપડાઓ મળી આવ્યા હતા, જે પોલીસે કબ્જે કર્યા છે.

કબ્જે કરવામાં આવેલા મુદ્દામાલમાં આરોપીનું એચ.પી. કંપનીનું લેપટોપ (કિંમત રૂ. ૩૦,૦૦૦/-), રીયલ મી કંપનીનો મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-), વીવો કંપનીનો ફ૭૦ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-) અને કાળા કલરનો વન પ્લસ કંપનીનો મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-) મળી કુલ રૂ. ૬૦,૦૦૦/- નો મુદ્દામાલ શામેલ છે. આ ઉપરાંત, અલગ-અલગ રકમનું લખાણ કરેલા રૂ. ૩૦૦ ના બે નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર તથા આરોપીના હસ્તાક્ષરથી નામો, ટૂંકા નામો, રોકાણના ટર્નઓવરનો હિસાબ અને કડિયાકામનો હિસાબ લખેલા 'ફૈર્જૈહ' બ્રાન્ડના ૪ ડાયરી-ચોપડા જપ્ત કરાયા છે. તપાસના કામે આરોપીના ઘરેથી આધાર કાર્ડ અને પી.જી.વી.સી.એલ. નું લાઈટ બિલ વગેરે પણ કબ્જે લેવાયા છે.

**ફરાર યોગેશ ધામેચાને ઝડપી લેવા પોલીસની તપાસ તેજ**

હાલ આ કેસની અન્ય બે ટીમો પૈકી એક ટીમ બીજા આરોપી યોગેશભાઈ વેલજીભાઈ ધામેચાની શોધખોળમાં છે, જ્યારે બીજી ટીમ તપાસના કામે જરૂરી અન્ય દસ્તાવેજો શોધવાની દિશામાં પ્રગતિશીલ છે. આ સફળ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એ. વાઢેર, વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા તથા સ્ટાફના હિતેશકુમાર મકવાણા, બલરાજસિંહ સરવૈયા, કેવલભાઈ સાંગા, માનદિપસિંહ ગોહિલ, ઉમેશભાઈ હુંબલ, જયપાલસિંહ ગોહિલ, પ્રજ્ઞેશભાઈ પંડયા, હસમુખભાઈ પરમાર અને હરિચંદ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવી છે.

**ભોગગ્રસ્ત લોકો એલસીબી કચેરીનો સંપર્ક કરે : પોલીસનો જાહેર અનુરોધ**

ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો આપના દ્વારા ફરિયાદકા ગામના સંજયભાઈ ધામેચા અથવા યોગેશભાઈ ધામેચા પાસે નાણાંનું રોકાણ કરવામાં આવ્યું હોય અને રોકાણની રકમ કે પાકતી મુદતની રકમ પરત મળી ન હોય, તો કાયદેસરની કાર્યવાહી કરાવવા માટે આપની પાસે રહેલા જરૂરી આધાર-પુરાવા તેમજ દસ્તાવેજી સાહિત્ય સાથે ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની કચેરી ખાતે તુરંત સંપર્ક કરવો.

**વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતાં જ લોકલ ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં: મુદ્દામાલ સાથે આરોપી સંજય ધામેચાને ઝડપી લીધો, એક હજુ ફરાર**

## તળાજાના સખવદર ગામે ઝેરી જીવડું કરડતાં મહિલાનું મોત

ભાવનગર,તા.૮

જિલ્લાના તળાજા તાલુકાના સખવદર ગામેથી એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ઝેરી જીવડું કરડવાના કારણે એક મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગામમાં રહેતા ૪૫ વર્ષીય વસનબેન ગોવિંદભાઈ સરવૈયા પોતાના ઘરના બાથરૂમમાં હતા, તે દરમિયાન તેમને એક ઝેરી જીવડું કરડી ગયું હતું.ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી વસનબેનને સારવાર અર્થે તળાજાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ, હોસ્પિટલના ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ આ મામલે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વરસાદી મોસમમાં ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધતો હોવાથી તબીબો અને તંત્ર દ્વારા લોકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.


